અપીલ અરજી નં.૯૦ તા.૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૩૦–૫–૦૯ ની અરજીથી બહુચરનગર કો.ઓ.હા. સોસા.,ના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી પાસે ઓરીજીનલ કૌટુંબીક ફેમીલી કરાર તમામ પક્ષકારોને રૂબરૂ જોવા મંગાવવા તથા ૪૫/૮૯ પ્રોપર દાવો ઉત્તમ રામ દલપતરામ જરીવાલાએ સને ૧૯૮૯ માં મુકેલ દાવો તેમજ જજમેન્ટની નકલ વિગેરે બાબતે માહિતી મંગવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૦/૨૦૦૯–૧૦

શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૩૦–૫–૦૯ ની અરજીથી બહુચરનગર કો.ઓ.હા. સોસા.,ના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી પાસે ઓરીજીનલ કૌટુંબીક ફેમીલી કરાર તમામ પક્ષકારોને રૂબરૂ જોવા મંગાવવા તથા ૪૫/૮૯ પ્રોપર દાવો ઉત્તમ રામ દલપતરામ જરીવાલાએ સને ૧૯૮૯ માં મુકેલ દાવો તેમજ જજમેન્ટની નકલ વિગેરે બાબતે માહિતી મંગવા બાબતે નિર્દીષ્ટ સમયગાળામાં પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ૩૫૦/ તા.૮–૭–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. તેમજ અરજદારને મળેલી માહિતીની નકલ, તથા તે પૈકી કઈ માહિતી બાબતમાં નારાજગી છે તે અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૩૬૨ તા.૨૧–૭–૦૯ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી, ફી ની વિગત તથા અરજદારને એન.ઝેડ/એઆરડી/૨૧૩ તા.૧૯–૫–૦૯ થી અગાઉની સરખી અરજી અન્વયે દફતરી ઈન્સ્પેકશન બાબતે પાઠવવામાં આવેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે તથા અગાઉ કરેલ અપીલ નં.૪૨૫ તા.૩૦–૩–૦૯ ના હુકમની નકલ રજૂ કરેલ છે. અરજદાર તરફથી અપીલમાં કોઈ માહિતી નહી મળી હોય તેવી અથવા તો મળેલી માહિતીની નારાજગી અંગે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારે તા.૩૦–૫–૦૯ના રોજ કરેલ અરજીમાં તા.૭–૬–૮૬ ના રૂા.૩૦/– કૌટુંબિક એરેન્જમેન્ટ કરાર આધારે નોમીનેશન સભાસદ બનાવેલ છે તે બોગસ હોવાનું જણાવી મંગાવી જોવાની રજૂઆત કરેલ છે. તથા ૪૫/૮૯ ના દાવાની તથા વાદી નં.૩ લક્ષ્મીચંદના મેળાપીપણામાં કામ કરેલ હોવાનું જણાવી સામાવાળા ૨થી ૪ તથા ૧૩,૧૪,૧૫ ને ખોટી રીતે સંડોવેલ હોવાનું જણાવી ઉત્તમરામ પાસેથી જજેમન્ટની નકલ મંગાવી વાંચવા રજૂઆત કરેલ છે.

અપીલ અરજી સાથે અરજદારે એન.ઝેડ/એઆરડી/૧૨૩ તા.૧૯–૫–૦૯ નો પત્ર તથા અપીલ અરજી નં.૪૨૫ નો હુકમ રજૂ કરેલ હોવાનું અરજદારે મુળ અરજીમાં જણાવે છે. અરજદારે મુળ અરજીમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તેવી કોઈ માહિતી માંગતી હોય તેવી હકીકત જણાતી નથી. વધુમાં અહીં એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક માહિતી અનુસાર અરજદારને સરખી માહિતી અંગે અગાઉના હુકમ અન્વયે તા.૨૫–૫–૦૯ ના રોજ ઈન્સ્પેકશન માટે બોલાવવામાં આવેલ. પરંતુ ડે.કમિશ્નર(પઅનેઈ) અગત્યના કારણોસર અન્ય રોકાણ હોય તા.૯–૬–૦૯ ના રોજ રૂબરૂ ફરીથી બોલાવવામાં આવેલ. જેમાં અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમજ આપ્યાનું જણાવેલ છે. વધુમાં અરજદારની અરજીઓ બાબતે કાર્યવાહીને લગતો છેવટનો નિકાલ બાકી છે. આથી સદર બાબત અંગે ખાતા ધ્વારા અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ તા.૩૦–૫–૦૯ ની અરજીથી અરજદારે ઓફિસમાં રેકર્ડ મેળવવા અત્રે કોઈ માંગણી કરી નથી. પરંતુ અગાઉ શ્રી ઉત્તરામ દલપતરામ જરીવાલા તરફથી તા.૭–૬–૮૬ ના રજૂ કરવામાં આવેલ કૌટુંબિક ફેમીલી એરેજમેન્ટ કરાર બોગસ હોવાનું જણાવી ઓફિસમાં મંગાવી ચકાસણી કરવાની વાત જણાવી છે. તદઉપરાંત જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં મોકલેલ રીપોર્ટ ધ્વારા જણાવેલ છે કે અરજદારની તા.૩૦–૫–૦૯ ની અરજીના મુદ્દા નં.૩ માં જણાવ્યા મુજબ ઉત્તમરામ દલપતરામ જરીવાલાએ ૪૫/૮૯ પ્રોપર દાવો કરેલ રૂા.૪૭૭૦/– ભરવાનો થાય છે. નાદારીમાં દાવો કરેલ તેનો દાવો કોર્ટે કાઢી નાંખ્યો છે વાદી નં.૩ લક્ષ્મીચંદ ના મેળાપણામાં કામ કર્યુ મિલ્કત નિર્મલાબેન વસંતલાલ જરીવાલાનના નામે તબદીલ કરેલ છે જજમેન્ટની નકલ તા.૫–૭–૦૮ ની જજ ખત્રી સાહેબ (એફ યુ) સામાવાળા ૨થી ૪ તથા ૧૩,૧૪,૧૫ ખોટી રીતે સંડોવાયેલા બતાવાય છે સદર જજમેન્ટની નકલ ઉત્તમરામ દલપતરામ જરીવાલા પાસ ેથી મંગાવીને વાંચશો તો ખરી હકીકતની જાણ થશે તેમજ તેની સહી સિકકાવાળી નકલ મેળવવા અરજી કરેલ છે. સદર કેસમાં અરજદાર પણ એક પક્ષકાર હોય જરૂરી નકલ તેઓ કોર્ટ પાસે ફી ભરીને મેળવી શકે તેમ છે. આથી અત્રેથી તે રજૂ કરવાની રહેતી નથી. કે તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેવી વિગત જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં તેમના પક્ષે રજૂ કરેલ છે.

વધુમાં તા.૩૦–૫–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ બાબત અરજદારે માંગેલી માહિતી અને કરેલ વિધાન મુજબ કાનજીભાઈએ તા.૨૧–૧–૦૯ ના પ્રમાણપત્રમાં જણાવો છો કે ઉત્તમરામ દલપતરામે મંડળીનું તમામ દેવું ચૂકતે કરી દીધેલ છે. તો તે તમામ મંડળીનું મેન્ટેનન્સ ખર્ચની રસીદ નં.૧૯૯૯ થી ૨૦૦૮ સુધીની સાલની રસીદોની ખરી નકલોની સહી સિકકાવાળી માહિતી, માહિતી કાયદા–૨૦૦૫ હેઠળ મેળવવા અરજદારે અરજી કરી છે સદર બાબતના કાગળો પણ રેકર્ડ તરીકે ઉપલબ્ધ ન હોય અરજદારને આપવાના રહેતા નથી. સદર માહિતીના કાગળો પૂરા પાડવા અરજદારની અરજીના કાગળો કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૨૩૬ તા.૨–૬–૦૯ થી મંત્રીશ્રી કાનજીભાઈ ભોજ/કેર ઓફ ૨૧૭, બહુચરનગર કો.ઓ.હા.લી. ને મોકલી આપેલ છે. જે તેઓ તરફથી અરજદારને પૂરા પાડવાના રહેશે આથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેવી પણ જૂઆત કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ રેકર્ડ આધારીત કોઈ માહિતી બાબતે અરજદારની અરજી ન હોય પરંતુ ત્રાહિતો કક્ષાએથી વિગત મંગાવી રજૂ કરવાની રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ના વ્યાપની બહાર હોઈ અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. તેથી અપીલ દફતરે કરવામાં આવે છે. કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત પડતર હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે જ. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલા